# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com,  Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

**જુલાઈ - ઓગસ્ટ - ૨૦૧૮**

Go... Make Disciples

## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

- ★ રેડિયો પ્રસારણ (ગુજરાતી અને હિન્દી)
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ પધ્ધતિસરનું ફોલોઅપ
- ★ નારી જીવન સંચાર
- ★ શિષ્યપણાની તાલીમ

## સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

આપ સર્વને જીવનસંદેશ તરફથી પ્રભુ ઈસુના નામમાં પ્રેમી કુશળતા. ૨૦૧૮ના વર્ષમાં આપની નિયમિત પ્રાર્થના, ઉદાર દાન માટે આપનો ખૂબ જ આભાર માનીએ છીએ. સ્વૈચ્છિક સેવા આપતા ભાઈ બહેનોનો આભાર. પ્રભુ ઈસુમાં કરેલી સેવા નિરર્થક નથી. પ્રભુ આપ સર્વને આશિષ આપે એ જ અમારી આશા છે.

આપણું રોજબરોજનું જીવન ખૂબ જ વ્યસ્ત બનતું જાય છે અને તેથી આપણા આધ્યાત્મિક જીવન પર ઘેરી અસર થાય છે, પણ ખરેખર તે પ્રમાણે થવું ન જોઈએ. જો આપણે દરરોજ પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે જોડાયેલા રહીએ છીએ તો આપણે દરરોજ આનંદ અને આત્મસંતોષનો અનુભવ કરીએ છીએ, પણ વાસ્તવિક રીતે આપણે દરરોજ કોઈ ને કોઈ સમયે પરીક્ષણ ઉપર કેવી રીતે વિજયી બની શકીએ, તંદુરસ્ત સંબંધો કેવી રીતે ટકી શકે અને અચોક્કસ સમયે આશા કેવી રીતે રાખી શકીએ તેનો સામનો કરવો પડે છે. આવા સમયે પક્ષીના બચ્ચા પાછળ કૂતરું પડે છે ને તે બચ્ચુ તેનાથી બચવા માટે જે તેને દેખાય છે ત્યાં તે બેસી જાય છે ને તેને ત્યાં સલામતી લાગે છે અને આવું જ આપણે કોઈને કોઈ સમયે અનુભવ કરતા હોઈશું ત્યારે આપણાં માટે ઈશ્વરનું વચન જ આપણને મદદ કરી શકે છે. આપણે અહીં ત્યાં ફાંફા મારવાને બદલે જ્યારે પ્રભુના વચનોમાંથી મદદ મેળવવા ઈચ્છા રાખીએ છીએ ત્યારે પ્રભુના વચન આપણને ખાતરી આપે છે. "મારા પગોને સારું તારું વચન દીવારૂપ છે. તે મારા માર્ગને સારું અજવાળારૂપ છે." (ગી.શા. ૧૧૯:૧૦૫) જો પ્રભુનું વચન આ પ્રમાણે છે તો બીજી મહત્વની બાબત ઉપર આપણું ધ્યાન દોરે છે. "એ નિયમસાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર કે તેમાં જે બધું લખેલું છે તે તું કાળજીથી પાળે, કારણ કે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે અને ત્યારે જ તું ફતેહ પામશે." (યહો. ૧:૮) જો પ્રભુના વચનો મુખપાઠ કર્યાં છે તો કટોકટીના સમયે પવિત્ર આત્મા આપણને તેમનું વચન યાદ દેવડાવે છે ને જે તે પરિસ્થિતિમાં ટકી રહેવા માટે મદદ કરે છે અને આપણને સહી સલામત રાખે છે.

મિત્રો, આજે આપણે એવા ઝડપી યુગમાં જીવી રહ્યા છે કે બધુ જ 'Instant' જોવા મળે છે, પણ જ્યારે વિશ્વાસી જીવનની વાત આવે ત્યારે ત્યાં ઝડપ, જલ્દી, તરત જ ની વાત નથી પણ ધીમે, રફતે રફતેની વાત છે અને આ જ ટકાવી રાખે છે, નિભાવી રાખે છે, સુસજ્જ કરે છે જેથી આપણે સહુ દેવના દીકરા પરના વિશ્વાસથી ખ્રિસ્તની સંપૂર્ણતાની પાયરીએ પહોંચીએ કે જે ઈશ્વરપિતાની ઈચ્છા છે.

આપ સર્વની આવિરત પ્રાર્થનાઓ, ઉદાર દાનો તથા સતત ઉત્તેજન, સાથ - સહકાર માટે અમે હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ અને તે માટે ત્રિએક ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.

**- ડેવિડ ક્રિશ્ચિયન**

## રેડિયો ફોલોઅપ સેવા

જીવન સંદેશ પ્રસારણ સેવા પ્રભુની કૃપા અને તેમના વિશ્વાસુપણાને લીધે ૫૬મા વર્ષમાં છીએ. ઈશ્વરનું વચન કહે છો, "યહોવાહનો આભાર માનો તેના નામને વિનંતી કરો; લોકોમાં તેના કૃત્યો પ્રસિધ્ધ કરો."(ગી.શા. ૧૦૫:૧) ૨૦૧૮ના વર્ષમાં આપણે ૧૫ મીનીટના ત્રણ ગુજરાતી પ્રસારણ (મનન, મંથન અને સત્ય શોધ) બે હિન્દી પ્રસારણ (ચિંતન) ચાલુ રાખી શક્યાં તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ. ગુજરાતી પ્રસારણોના પ્રતિભાવમાં મળતાં પત્રોનું ફોલોઅપ કરવામાં શ્રી સીરીલભાઈને પ્રભુએ જ્ઞાન અને ડહાપણ પૂરાં પાડ્યાં તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ. રેડિયો પ્રસારણ, પત્ર વ્યવહાર અને સાહિત્ય દ્વારા પ્રભુના વચનોનું શિક્ષણ કેટલું અસરકારક ને પ્રતિભાવમાં વાંચવા મળે છે. ઈશ્વરે કરેલાં અદ્‌ભુત કાર્યને માટે તેમની સ્તુતિ થાઓ.

## પત્રમિત્રોની સાથે સંગત

ખ્રિસ્તમાં જીવન સંદેશના પ્રિય મિત્રો, પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ. હું અને મારા પરિવારજનો ઈશ્વરની કૃપામાં ક્ષેમકુશળ છે અને આપ સર્વ સેવકોને હંમેશા પ્રાર્થનામાં યાદ કરીએ છીએ.

આ સાથે લખી જણાવવાનું કે હું ઘણા સમય પછી પત્રનો જવાબ આપી રહ્યો છું. તેથી જીવન સંદેશ પરિવારની માફી માગું છું. ક્ષમા કરશો. જીવન સંદેશને કદી પણ ભુલી શકાય નહિ. જેઓ પત્ર દ્વારા સતત સંપર્ક રાખે છે, પ્રાર્થના દ્વારા, ફોન દ્વારા યાદ કરીને વચનો મારફતે ઉત્તેજન પૂરું પાડે છે. ઉત્તેજન આપતા રહેશો કારણ અમો સર્વ અધૂરા છીએ.

આ સાથે આનંદ થાય છે કે online radio app ની મારફતે અમુક ગીતો અને સંદેશાઓ સાંભળુ છું. ખૂબ જ સરસ લાગે છે. **વલસાડ**

પ્રભુ ઈસુના મધુર અને પ્રિય નામમાં જીવન સંદેશના આખા સ્ટાફગણને મારી પ્રેમી કુશળતા.

ઈશ્વરની અદ્‌ભુત કૃપામાં કુશળ છીએ. જો કે ઘણા સમયથી પત્ર લખ્યો નથી. આપની પાસે ક્ષમા ચાહુ છું. પ્રભુનો આભાર માનું છું કે મને તેમની સેવાને માટે બોલાવી છે. જો કે હું ઘણી ગુંચવાયેલી હતી પણ પ્રભુએ મને અનૂકુળ અને પ્રતિકુળ પરિસ્થિતિમાં ટકાવી રાખી છે અને આ બધી જ પરિસ્થિતિમાંથી ટકી રહેવા માટે પ્રભુએ મને કેળવી છે. તે મુખ્ય બાબત તો હું માનું છું કે જીવન સંદેશના દ્વારા મળતાં સાહિત્યથી કેળવાઈ છું. તે આપના સહકારથી બધુ શીખી છું. મારાં જીવનમાં જીવન સંદેશને હું કંઈ રીતે ભુલું. જ્યારથી હું જીવન સંદેશની ઓફિસ રેડિયોમાં પ્રોગ્રામ સાંભળીને લેટર લખતી થઈ ત્યારથી બાઈબલનું જ્ઞાન શીખવાની શરૂઆત થઈ. તે પહેલાં ચર્ચની મીટીંગોમાં ફક્ત જવા ખાતર જતી હતી. મને કંઈ જ જ્ઞાન ન હતું, પરંતુ ઈશ્વરપિતાનો હૃદયથી આભાર માનું છું કે જીવન સંદેશની મને સહભાગી બનાવી છે.

જીવન સંદેશના પ્રેયર લેટરમાં પ્રભુ ઈસુએ જે રીતે કરી એ રીતે સેવા કરવા મને પ્રભુ કૃપા આપે. પ્રેમપૂર્વક કરેલી સેવા, સ્વૈચ્છાપૂર્વક કરેલી સેવા, નમ્રતાપૂર્વક કરેલી સેવા, આધીનતાપૂર્વક કરેલી સેવા, આનંદપૂર્વક કરેલી સેવા. આ રીતે સેવા કરવા પ્રભુ મારી મદદ કરે. **વ્યારા**

## શિષ્યપણાની સેવા

જીવન સંદેશની સેવા દ્વારા સેંકડો વ્યક્તિઓને પદ્ધતિસર પ્રભુ ઈસુના શિષ્ય બનવા તથા બીજાઓને શિષ્ય બનાવવા સંબંધી તાલીમ અને શિક્ષણ આપવામાં આવ્યુ. જેઓએ આ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તેઓ આજે મંડળીમાં ઉત્તમ આગેવાની આપી રહ્યા છે. આ સર્વમાં પ્રભુની સ્તુતિ કરીએ છીએ.

**RUSH FOR THE OPPORTUNITY**

જો આપ ૨:૭ શ્રેણીના પુસ્તકનો પદ્ધતિસરનો અભ્યાસ કરવા માંગો છો તો આપ જલ્દીથી આપનું નામ જીવન સંદેશ ઓફિસે નોંધાવશે. જેથી ૨:૭ શ્રેણીના અભ્યાસના ક્લાસ શરૂ કરવામાં આવે. આમ આ સેવા માટે પ્રાર્થના કરશો.

## યુગલ સમૃદ્ધિ સેમીનાર

પ્રભુએ જીવન સંદેશને ઈશ્વરના વચનો મારફતે યુગલોને બાંધવાની સેવાને ૨૬ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી પ્રભુની સ્તુતિ થાઓ. પ્રભુએ જીવન સંદેશને જે સેવા ભેટ રૂપે આપી છે તે તો કુટુંબોને બાંધવાની અને ઈશ્વરના વચનો મારફતે કેવી રીતે અસરકારક કુટુંબો તરીકે આમ સમાજમાં જીવી શકીએ તેની ચાવી આ યુગલ સમૃદ્ધિ શાળામાં શીખવવામાં આવે છે. જો તમે આ શાળામાં ભાગ લેવા ઈચ્છો છો તો અમારો સંપર્ક કરશો.

આ યુગલ સમૃદ્ધિ શાળામાં અલગ અલગ વિષયો ઉપર અસરકારક રીતે શિક્ષણ આપવામાં આવે છે. (૧) લગ્નનો હેતુ (૨) લગ્નમાં સફળતા (૩) પતિની જવાબદારી (૪) પત્નીની જવાબદારી (૫) માતાપિતા અને બાળકોનો સંબંધ (૬) વાણી-વ્યવહાર (૭) સંબંધોને બાંધવા (૮) આત્મિયતા અને મિત્રતા (૯) Fire Proof Movie (૧૦) સંઘર્ષ નિવારણ (૧૧) આકુલા-પ્રિસ્કીલા (૧૨) પ્રેમ-માફી (૧૩) સમય નાણાંનો વહીવટ (૧૪) જાતીયતા - ઈશ્વરે આપેલી ભેટ અને આશીર્વાદ (૧૫) Female's Prayer.

## આભાર માનીએ.....

૧. જીવન સંદેશના ગુજરાતી ફોલો અપના કાર્ય માટે પ્રભુએ શ્રી સીરીલભાઈ ક્રિશ્ચિયનને જ્ઞાન અને ડહાપણ પૂરાં પાડયાં માટે.
૨. દર સોમવારે દાનિયેલના પુસ્તકનો અભ્યાસ બહેરામપુરામાં થાય છે માટે.
૩. જીવનસંદેશના એકાઉન્ટના કાર્યમાં શ્રી ઈનોકભાઈને જ્ઞાન અને ડહાપણ આપવા માટે.
૪. મંડળીઓ તથા સંસ્થાઓમાં જીવનસંદેશ સ્ટાફને પ્રભુના વચનોમાંથી શીખવાની તક મળી માટે.
૫. જીવનસંદેશમાં સેવા આપવા માટે કેટલાક સમયથી પ્રાર્થના કરતાં હતાં ને પ્રભુએ પ્રાર્થનાનો ઉત્તર આપ્યો અને શ્રી રેનીસન જે ક્રિશ્ચિયન જીવનસંદેશમાં સ્ટાફ તરીકે જોડાયા છે તેથી પ્રભુનો પુષ્કળ આભાર માનીએ છીએ.
૬. ૩ જુન રવિવારે જુવાન દીકરીઓ માટે રીટ્રીટ કરી શક્યાં માટે પ્રભુનો આભાર.

## પ્રાર્થના કરશો :

૧. જીવનસંદેશ સ્ટાફ માટે
૨. ઓનલાઈન રેડિયોની સેવાનો ઉપયોગ ઘણા લોકો કરે માટે
૩. જીવન સંદેશ હિન્દી અને ગુજરાતી પ્રસારણો માટે પ્રાર્થના કરશો.
૪. તા. ૧૮ થી ૨૧ ઓક્ટોબર દરમ્યાન પત્રમિત્રો માટે"પવિત્રઆત્માનું શિક્ષણ" અને "બાઈબલ અભ્યાસ" કેવી રીતે વિષયોનું શિક્ષણ આપવામા આવશે આ સેમિનાર ભરૂચ મુકામે રાખેલ છે તે માટે પ્રાર્થના કરશો.
૫. તા. ૨૪ થી ૨૭ જાન્યુ. ૨૦૧૯ દરમ્યાન ૩જી રાષ્ટ્રિય સ્તરની શિષ્યતા જાગૃતિ સેમિનાર રાખેલ છે તેને માટે પ્રાર્થના કરશો.
૬. ૨:૭ શ્રેણીના પુસ્તકોનો ઉપયોગ કરીને ચાલતા બાઈબલ અભ્યાસ મળતી સંગતો માટે પ્રાર્થના કરશો.
૭. આવતા દિવસોમાં જીવન સંદેશ સ્ટુડિયોમાં ૨:૭ શ્રેણી અને યુગલ સમૃધ્ધિ શિક્ષણના વર્ગો શરૂ કરી શકાય
૭. નારી જીવન સંચાર સેવા દ્વારા રાખેલ એકલા પણ એકલવાયા નહિ રીટ્રીટ માટે પ્રાર્થના કરશો.
૮. જીવન સંદેશ બોર્ડ અને સોસાયટી સભ્યો માટે પ્રાર્થના કરશો
૯. જીવનસંદેશમાં વૈચ્છિક રીતે સેવા આપતા ભાઈ બહેનો માટે પ્રાર્થના કરશો.
૧૦. જીવન સંદેશનું વાર્ષિક બજેટ ૩૦ લાખ માટે પ્રાર્થના કરશો.

## એકલા પણ એકલવાયા નહિ રિટ્રીટ

નારી જીવનસંચાર સેવા દ્વારા સપ્ટેમ્બર ૧૬, ૨૦૧૮ ના રોજ કોઈ પણ કારણસર સિંગલ રહેલા બહેનો માટે "એકલા પણ એકલવાયા નહિ" રિટ્રીટનું આયોજન કરેલ છે. આ રીટ્રીટ બેઉલાહ અલાયન્સ ચર્ચ ખાતે સવારે ૧૧-૩૦ થી ૪:૩૦ સુધી મળશે જે બહેનો આ રીટ્રીટમાં ભાગીદાર બનવા માંગે તેઓએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. રજીસ્ટ્રેશન માટે જીવન સંદેશ ઓફિસનો સંપર્ક કરવો.

## નારી જીવન સંચાર સેવા

ઈશ્વરપિતાએ જીવનસંદેશની નારી જીવન સંચાર સેવાને ૯ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ. આ સેવા ઘણી બહેનોને માટે આધ્યાત્મિક રીતે ઉપયોગી નીવડી છે. જેઓએ સેમીનાર કે રીટ્રીટમાં ભાગ લીધો તેઓ જણાવે છે કે તેમનો જીવન પ્રત્યેનો અભિગમ બદલાઈ ગયો છે. પ્રભુના વચનો દ્વારા ચોક્કસ વિષયને સ્પર્શતા ઉત્તમ શિક્ષણ મળ્યું છે જેનાથી રોજબરોજના જીવનમાં આનંદ પ્રાપ્ત થયો છે. જીવનનું મહત્વ સમજવું છે. પ્રભુએ જે જે શક્તિઓ આપેલી છે તે ધ્વારા પ્રભુનું રાજ્ય બાંધવા કટીબધ્ધ થઈએ છીએ. પ્રભુએ નારી સંચાર ગૃપને જ્ઞાન તથા ડહાપણ આપ્યા છે તેથી પ્રભુની સ્તુતિ થાઓ.








# યુવાનીના ઉંબરે

સાંપ્રત સમયમાં ૧૩ થી ૨૫ વર્ષની જુવાન બહેનો સામેના પડકારોને ધ્યાનમાં રાખતાં ને તેમને મદદરૂપ બનવા તેમજ પ્રભુના વચનો મારફતે માર્ગદર્શન મળી રહે એવા હેતુ સાથે નારી જીવન સંચાર સેવા દ્વારા એક રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યુ.

આ રીટ્રીટ ૩ જુન, ૨૦૧૮ રવિવારે સવારે ૧૧:૩૦ થી સાંજના ૪:૩૦ સુધી બેઉલાહ અલાયન્સ ચર્ચમાં થઈ. જેનું આધારવચન આ પ્રમાણે હતું "હું મારી જાતને વટાળીશ નહિ." દાનિ. ૧:૮બ. આ રીટ્રીટના વક્તા ડૉ. મહિમા માસ્ટર હતા, જેમણે યુવાન બહેનોના પડકારોની છણાવટ કરીને કેવી રીતે પ્રભુના વચનોથી ટકી શકાય તે વ્યવહારુ શિક્ષણ આપીને સમજાવ્યું કે જે બહેનો માટે ઉપયોગી સાબિત થયું.

બપોરે લંચ લીધા બાદ શ્રીમતી ઈવા જે. ક્રિશ્ચિયને બપોરના સમયને creative activity મારફતે ખૂબ જ આનંદમય બનાવી દીધો.

છેલ્લા સેશનમાં શ્રી રોબિન જે. મિત્રાએ જીવનમાં Goal selection નું મહત્વ વ્યવહારુ શિક્ષણ આપીને સમજાવ્યુ. આ શિક્ષણમાંથી યુવાન બહેનોને વ્યક્તિગત જીવનમાં દર્શનલક્ષી તેમજ ધ્યેયલક્ષી બનવા પ્રેરણા મળી કે જે તેઓને માટે અનિવાર્ય હતું.

આ રીટ્રીટમાં ૭૦ યુવાન બહેનોએ કાળઝાળ ગરમીમાં પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ રીટ્રીટમાં ભાગ લીધા બાદ તેઓએ પોતાના પ્રતિભાવ જણાવ્યા છે કે જે આપણને તેઓને માટે પ્રાર્થના કરવા પડકાર આપે છે.

"આ દિવસ મારા માટે મહાન દિવસ સાબિત ઠર્યો. નારી સંચારે આ રીટ્રીટનું આયોજન કર્યું તેથી તેમનો ખૂબ જ આભાર માનું છું. પ્રથમ સેશનમાં શીખવા મળ્યુ કે કેવી રીતે મારે મારી જાતને સંયમમાં રાખવી. નુક્સાનકારક સંસ્કૃતિથી મારે કેવી રીતે દુર રહેવું અને મારે મારા મિત્રોની સમક્ષ એક ઉત્તમ નમૂનો બનીને જીવવાનું છે કે જેથી તેઓ મારી પાસેથી પ્રભુના વચનો શીખી શકે. ક્રિએટીવ ટાઈમ ખૂબ જ સારો હતો. ખરેખર હું જલ્દીથી મિત્રતા કેળવી શકતી નથી પણ આ સમયમાં પોતાની ઓળખ આપતા તે વધુ સહેલું બન્યુ હતું. બીજી સેશન મારા માટે ખરેખર બહુ જ ઉપયોગી થઈ પડ્યું. મેં શૈક્ષણિકની કારકીર્દિમાં goal, mission અને vision નક્કી કર્યાં છે, પણ આધ્યાત્મિક જીવનમાં આધ્યાત્મિક goal નક્કી કરવા જોઈએ, તે આ સેશનમાં જાણવા મળ્યુ. આ સર્વ માટે આભાર. મારા માટે અને ઝળહળતા ભવિષ્ય માટે પ્રાર્થના કરશો."

આજનો દિવસ એ મારાં માટે મહાન દિવસ બન્યો કારણ હું જીવન માટે ઘણી જ મહત્વની બાબતો શીખી શકી. બન્ને સેસનો મારાં માટે બહુ જ ઉપયોગી બન્યા હતા કે જેમાં મારા મગજને સતત કાર્યરત રહેવું પડ્યું. પ્રથમ સેસનમાં મને શીખવા મળ્યું કે મારે કોઈનીપણ કોઈ પ્રકારની અસર નીચે રહેવું નહી, પણ તેના કરતાં દાનીએલે ઠરાવ કર્યો તેમ મારે મારા જીવન દ્વારા અસરકારક અસર ઉપજાવવી કે જેથી પ્રભુ ઈસુ મહિમાવાન થાય. બીજું સેસન એ પણ માહિતી લક્ષી હતું. મારા પોતાના Goals અને Vision છે મારું દર્શન એ છે કે હું Senior Cardio Surgeon બનીને બહું જ ઓછા ખર્ચામાં ગરીબોની શસ્ત્રક્રિયામાં મદદરૂપ બનું અને જો શક્ય બને તો મફત શસ્ત્રક્રિયા કરું કે જેથી જ્યારે તેઓ મારો આભાર માનવા આવે ત્યારે તેઓને હું કહી શકું કે આ તમારાં ભૌતિક શરીરને બચાવવા પ્રભુ ઈસુખ્રિસ્તે મારો ઉપયોગ કર્યો પણ ઈસુ ખ્રિસ્ત તમને સનાતન જીવન આપવા માગે છે. મારી તમને નમ્ર વિનંતી છે કે તમે મારા માટે પ્રાર્થના કરશો મારાં દર્શનને વળગી રહું. મુસા સાક્ષી બન્યા તેમ હું ઈસુને માટે સાક્ષી બનું કે જેથી પ્રભુનો મહિમા થાય. આ સર્વ માટે ઈશ્વરપિતાનો ખૂબજ આભાર માનું છું.

આપ જો સરસપુર તેમજ બાપુનગર વિસ્તારમાં રહો છો અને જીવનસંદેશ સેવાને દાન આપવા ઈચ્છા રાખો છો તો એપ્રિલ - ૨૦૧૮થી શ્રીમતી પિન્કીબેન સંદિપભાઈ ક્રિશ્ચિયનને દાન આપી શકો છો. જેઓ આપની મુલાકાત લઈ જીવનસંદેશની રીસીપ્ટ પુરી પાડશે.

શ્રીમતી પિન્કીબેન સંદિપભાઈ ક્રિશ્ચિયન
એ/૧૧, ઈમાનુએલ સોસાયટી, બાપુનગર, અમદાવાદ.
મો. : ૯૪૨૭૯ ૦૩૭૦૮

આપ આપનું દાન બેંક ટ્રાન્સફર્સ દ્વારા અમારા બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકો છો. જેની પહોંચ આપને મોકલી આપવામાં આવશે.

★ બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.
★ બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
★ બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ
★ A/c No. : 10246210913 • Bank IFS Code : SBIN0001038
★ નોંધ : આપ જ્યારે બેંક દ્વારા દાન મોકલાવો ત્યારે તેની જાણ અમને ફોન દ્વારા અથવા મેઈલ દ્વારા અવશ્ય કરવા વિનંતી છે.
★ મો. નંબર : ૦૯૩૨૭૦ ૩૫૦૬૭ (ઈનોક ક્રિશ્ચિયન)
E-mail : jsm2277@gmail.com

**ોંધ : આ બેંક ટ્રાન્સફર પરદેશમાંથી દાન મોકલવા માટે નથી. પણ જો આપ દાન આપવા માગો છો તો જીવન સંદેશના ઈ-મેઈલ અથવા ફોન દ્વારા સંપર્ક કરવા વિનંતી.**